# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21/07/2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **સંસદનું ચોમાસુ સત્ર આજથી શરૂ થશે. 21 ઓગસ્ટ સુધી ચાલનારા આ સત્રમાં કુલ 21 બેઠકો મળશે.**
2. **અમદાવાદ સહિતના રાજ્યના વિવિધ જિલ્લાઓમાં યુધ્ધના ધોરણે માર્ગ મરામત અને પુલની કામગીરી.**
3. **આગામી ૩૧મી ઓકટોમ્બર સરદાર વલ્લભભાઈ પટેલના જન્મદિને એકતાનગરમાં યોજાનારી રાષ્ટ્રીય એકતા પરેડની પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરતાં બીએસએફના ડીજીપી.**
4. **રાજ્યભરમાં મોડીરાતથી વહેલી સવાર સુધીમાં વરસાદી ઝાપટાં - આગામી સાત દિવસમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી.**
5. **માછીમારીની સિઝન બંધ હોવાને કારણે પોરબંદરના માછીમારો બોટનું સમારકામ કરાવીને અન્યને રોજગારી આપી રહ્યાં છે.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# MONSOON-SESSION

સંસદનું ચોમાસુ સત્ર આજથી શરૂ થશે. 21 ઓગસ્ટ સુધી ચાલનારા આ સત્રમાં કુલ 21 બેઠકો મળશે. ઓપરેશન સિંદૂર પછી આ પહેલું સંસદ સત્ર છે. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું કે સત્ર દરમિયાન મહત્વપૂર્ણ કાયદાકીય અને અન્ય કાર્યો હાથ ધરવા આવશે છે. સત્ર દરમિયાન, સત્તર વિધેયક ચર્ચા અને પસાર થવાની શક્યતા છે. જન વિશ્વાસ (સુધારા) બિલ - 2025, રાષ્ટ્રીય રમતગમત શાસન વિઢેયક- 2025 અને મર્ચન્ટ શિપિંગ બિલ - 2024 સહિત મહત્વપૂર્ણ ખરડા રજૂ કરવામાં આવશે.

લેડિંગ બિલ-૨૦૨૪ , સમુદ્ર દ્વારા માલસામાનનું વહન બિલ-૨૦૨૪ , કોસ્ટલ શિપિંગ બિલ-૨૦૨૪, ભારતીય બંદર બિલ-૨૦૨૫ , આવકવેરા બિલ-૨૦૨૫, વગેરે વિઢેયક પર પણ ચર્ચા થવાની શક્યતા છે. સરકારે કહ્યું છે કે તે સંસદમાં ઉઠાવવામાં આવનારા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવા તૈયાર છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સત્રની શરૂઆત પહેલાં મીડિયાકર્મીઓને માહિતી આપશે.

દરમિયાન ગઈકાલે, સરકારે સંસદના બંને ગૃહોની સુચારુ કામગીરી સુનિશ્ચિત કરવા કેન્દ્રીય મંત્રી અને રાજ્યસભામાં ગૃહના નેતા જગત પ્રકાશ નડ્ડાના અધ્યક્ષ સ્થાને સર્વપક્ષીય બેઠક યોજી હતી.

---

# RAJKOT RAGHAVJI PATEL

રાજકોટ જિલ્લામાં પ્રભારી મંત્રી રાઘવજી પટેલે જિલ્લાની મુલાકાત લઈ કલેક્ટર કચેરી ખાતે મહત્વના વિવિધ મુદ્દાઓ પર વરિષ્ઠ અધિકારીઓ - પદાધિકારીઓ સાથે વિસ્તારથી ચર્ચા કરી હતી.

જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઈવે , સ્ટેટ હાઈવે , પંચાયત હસ્તકના વિવિધ માર્ગોને ચોમાસાની ઋતુ દરમિયાન થયેલું ધોવાણ અને નુકસાન તેમજ નુકસાન બાદ આ માર્ગોના દુરસ્તીકરણ માટે હાથ ધરાયેલી કામગીરી સંદર્ભે સમીક્ષા હાથ ધરી હતી. વરસાદના પરિણામે રોડ રસ્તાઓ પર પડેલા ખાડા – ગાબડા પૂરવા સહિતનું જરૂરી રીપેરીંગ ટૂંક સમયમાં પૂર્ણ થાય અને પ્રજાને મુશ્કેલી ન પડે તે સુનિશ્ચિત કરવા તેમણે સંબંધિત અધિકારીઓને તાકીદ કરી હતી.

જ્યારે અમદાવાદથી પસાર થતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૪૭(NH47) પર બગોદરા પાસે માર્ગ મરામત અને પેચવર્કની કામગીરી કરવામાં આવી છે. મુસાફરોની સલામતી ધ્યાને રાખતા બગોદરા ગામતળમાં પેવર મશીનથી માર્ગલ મરામત કાર્ય હાથ ધરાયું હતું..વિવિધ સ્થળોએ પેચવર્ક દ્વારા રસ્તાઓ સતત રીપેરીંગ કરવાની કામગીરી પ્રગતિમાં છે.

ધોળકા અને વહેલાલની સરદાર સરોવર યોજનાની શાખા કેનાલના પુલો ભયજનક હોવાને કારણે રસ્તાઓને ડાયવર્ટ કરવાનું જાહેરનામુ પણ પ્રસિધ્ધ કરાયું છે.

---

# SPIPA TRAINING

સ્પીપા દ્વારા UPSC તાલીમ વર્ગમાં પ્રવેશ માટે લેવાયેલ પરીક્ષાને મળેલ બહોળો પ્રતિભાવ મળી રહ્યો છે..દિવ્યાંગ ઉમેદવારોનો અગાઉથી સંપર્ક કરી તેઓની જરૂરિયાત વિષે પૂછપરછ કરી દિવ્યાંગ ઉમેદવારોને પરીક્ષા આપવામાં કોઈ તકલીફ ન પડે તેની વિશેષ કાળજી લેવાઈ રહી છે.

પ્રસ્તુત છે એકઅહેવાલ

## (વોઇસ કાસ્ટ – નિકિતા શાહ)

ગુજરાતના વધુમાં વધુ ઉમેદવારો યુપીએસસીની પરીક્ષામાં સફળ થાય તે માટે ગુજરાત સરકાર દ્વારા સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા) , અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને મહેસાણા આ પાંચ પ્રાદેશિક તાલીમ કેન્દ્રો ખાતે કુલ ૬૩૫ ઉમેદવારો માટે પ્રશિક્ષણવર્ગ ચલાવવામાં આવે છે.

સરદાર પટેલ ઇન્સ્ટીટયુટ ઓફ પબ્લીક એડમિનિસ્ટ્રેશન (સ્પીપા)ના મહાનિદેશકશ્રી હરિત શુક્લના માર્ગદર્શન હેઠળ UPSC તાલીમ વર્ગોમાં પ્રવેશ માટે અમદાવાદ , ગાંધીનગર, વડોદરા, સુરત, રાજકોટ અને મહેસાણા ખાતે તા.૨૦/૦૭/૨૦૨૫ ના રોજ પ્રવેશ પરીક્ષા લેવામાં આવેલ છે. જેમાં કુલ ૧૦,૦૦૦ થી વધુ ઉમેદવારોએ પરીક્ષા આપેલ છે. અગાઉના વર્ષ ૨૦૨૧-૨૨ માં ૧૬ , ૨૦૨૨-૨૩માં ૨૬ અને ૨૦૨૩-૨૪ ના વર્ષમાં ૨૬ ઉમેદવારો UPSC માં ઉતિર્ણ થયેલ છે. યુપીએસસી દ્વારા લેવાયેલ સિવિલ સર્વીસીઝ પરીક્ષા ૨૦૨૪ની પ્રિલિમ પરીક્ષામાં સ્પીપાના ચાલુ બેચના અને જૂની બેચના થઈને કુલ ૨૫૯ ઉમેદવારોએ પ્રિલિમ પરીક્ષા પાસ કરેલ. જેમાંથી કુલ ૭૦ ઉમેદવારો ઈન્ટરવ્યુ માટે ક્વોલિફાય થયેલ અને તે પૈકી યુ.પી.એસ.સી. સીવીલ સર્વિસીઝ પરીક્ષા ૨૦૨૪ના જાહેર થયેલ અંતિમ પરિણામમાં સ્પીપાના કુલ ૨૬ ઉમેદવારો આખરી પસંદગી પામેલ છે.

## નિકિતા શાહ આકાશવાણી સમાચાર અમદાવાદ

---

# SOU BSF DGP MEET

આગામી ૩૧મી ઓકટોમ્બર સરદાર વલ્લભભાઈ પટેલના જન્મદિને એકતાનગરના આંગણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં દર વર્ષે નર્મદા જિલ્લામાં રાષ્ટ્રીય એકતા પરેડ યોજાય છે. આ વર્ષે પણ આ ઉજવણી પૂર્વે પ્રારંભિક બેઠક અને પરેડ ગ્રાઉન્ડ નું બી.એસ.એફના ડી.જી. દલજિત સિંઘ ચૌધરીએ નિરીક્ષણ કર્યું હતું.

બીએસએફના ડીજીપીનીની અધ્યક્ષતામાં વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ અને નર્મદા જિલ્લાના પરેડ સાથે સંકળાયેલા અધિકારીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી અને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા કાર્યક્રમ સંદર્ભે ચર્ચા કરવામાં આવી હતી.

આ વર્ષે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે એકતાનગર ખાતે યોજાનાર પરેડમાં વિશેષ આકર્ષણો ઉમેરાશે. જેમાં માર્ચ-પાસ્ટ, ટેબલો, સાંસ્કૃતિક કાર્યક્રમ અને આ વર્ષે રાષ્ટ્રીય એકતા થીમ પર રાજ્યની વિવિધ ભાષાઓમાં રેખાંકિત શબ્દ એકતા ઉપર લાઇટ એન્ડ સાઉન્ડ જેવા મહત્વના આકર્ષણો લોકોને આબેહૂબ નજરે નિહાળવા મળશે અને લબાસના દ્વારા આરંભ કાર્યક્રમ પણ યોજાશે.

---

# SURENDRANAGAR DIGITALISATION CIVIL HOSPITAL

સુરેન્દ્રનગરની સિવિલ હોસ્પિટલમાં ડિજિટલ માધ્યમથી હવે આરોગ્ય સુવિધા પ્રદાન કરવામાં આવી રહી છે. હવે ડિજિટલ એપ્લિકેશનના માધ્યમથી કેસ નોંધાવવાની અધ્યતન સુવિધા શરૂ કરી દેવામાં આવી છે.

જેમાં મેડિકલ રિપોર્ટ તેમજ ડોક્ટર દ્વારા કરવામાં આવેલ તપાસની સંપૂર્ણ માહિતી એપ્લિકેશનમાં જ ઉપલબ્ધ રહેશે તેથી કોઈ રિપોર્ટ કે કેસ સાચવવાની ઝંઝટ નહીં રહે ત્યારે લોકોને જાણકારી મળી રહે તેને ધ્યાને રાખી શહેરની સૌથી મોટી સિવિલ હોસ્પિટલમાં લગાવાયા બેનર લગાવી અને સિવિલ હોસ્પિટલના સ્ટાફ દ્વારા નાગરિકોને માહિતગાર કરવામાં આવી રહ્યા હોવાની જાણકારી સુરેન્દ્રનગરની મહાત્મા ગાંધી હોસ્પિટલના સિવિલ સર્જન ચૈતન્ય પરમારે આપી હતી.

## બાઈટ- ચૈતન્ય પરમાર ,સિવિલ સર્જન

---

# KUTCH BUKAMP

કચ્છના સરહદી વિસ્તારમાં ગત રાત્રે મોટો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ગતરાત્રે 9 વાગીને 47 મિનિટે ખાવડાથી પૂર્વે સાધારા નજીક ચારની તીવ્રતાનો આંચકા આવ્યો હતો. અનેક ગામમાં લોકોએ ધરા ધ્રુજી હોવાની અનુભૂતિ કરી હતી.

આ આંચકા પૂર્વે મધરાત્રે ભચાઉના બંધડી નજીક ૩.૧ની તીવ્રતાનો આંચકો નોંધાયો હોવાની પણ સત્તાવાર માહિતી પ્રાપ્ત થઇરહી છે.

---

# RAIN

રાજ્યમા ગઇકાલે સવારે છ વાગ્યાથી રાત્રીના આઠ વાગ્યા દરમિયાન 113 તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો. જેમાં સૌથી વધુ વરસાદ જૂનાગઢના માંગરોળ તાલુકામાં સાડા ત્રણ ઇંચ વરસાદ વરસ્યો હતો. મોડીરાતથી સવાર સુધીમાં અમદાવાદ સહિતના વિસ્તારોમાં વરસાદ વરસ્યો હોવાના અહેવાલ સાંપડી રહ્યાં છે.

ભાવનગર જિલ્લાના સિહોરમાં પોણા બે ઇંચ જેટલો વરસાદ ખાબકયો હતો. ઉમરાળામાં વરસાદી ઝાપટું પડ્યું હતું. બીજી તરફ ગોહિલવાડ પંથકમાં છેલ્લા કેટલાક દિવસથી મેઘરાજાએ વિરામ લીધો છે.

રાજકોટ જિલ્લાના લાલપરી જળાશયમાં ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના કારણે ડેમ ૯૦% ભરાઈ ગયો છે. જેને પગલે રાજકોટ તાલુકાના નવાગામ અને બેડી ગામના લોકોને નદીના પટમાં અવરજવર ન કરવા અને સાવચેત રહેવા સૂચના અપાઈ છે.

હવામાન વિભાગે રાજયમાં આગામી સાત દિવસ દરમિયાન હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર **26** જુલાઈ સુધી રાજ્યમાં સાર્વત્રિક રીતે છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. દરમિયાન પવનની ઝડપ **30**થી **40** કિલોમીટર પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

---

# PORBANDAR BOAT REPAIRING

પોરબંદરના માછીમારો હવે તેમની બોટનું સમારકામ કરવામાં લાગી ગયા છે. હાલ ચોમાસા દરમિયાન માછીમારીની સીઝન બંધ હોવાના લીધે બોટ કિનારા પર લાંગરી દેવામાં આવી છે. પરંતુ વેકેશનના આ સમયગાળામાં માછીમારો પોતાની બોટનું રીપેરીંગ કામ કરાવતા હોવાના કારણે બંધ સીઝનમાં પણ આ વ્યવસાય પોરબંદરને રોજીરોટી પુરું પાડી રહ્યો હોવાનું બોટ માલિક રાજેશ કોટીયાએ જણાવ્યું હતું.

## બાઇટ – રાજેશ કોટીયા (બોટ માલિક)

---

# PORBANDAR - NLM SAMIKSHA

પોરબંદર જિલ્લાના ગામોમાં નેશનલ લેવલ મોનિટર- **NLM** દ્વારા કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત થયેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવી. ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા પોરબંદર જિલ્લામાં કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ હેઠળ મનરેગા યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, સંસદ આદર્શ ગ્રામ યોજના સહિતની યોજનામાં થયેલ કામગીરીની ચકાસણી હાથ ધરવામાં આવી છે. જેમાં પોરબંદરના ટુકડાગોસા તેમજ ગોસા ગામોની મુલાકાત દરમિયાન લાભાર્થીઓ સાથે સીધો સંવાદ કરી યોજનાના અમલીકરણ અંગેની માહિતી મેળવવામાં આવી હતી.

---

# KATCH – CHITAL

કચ્છના બન્નીના ઘાસના મેદાનોમાં વન્યજીવનના વૈવિધ્યને સહાયરૂપ થવા માટે ચિતલ એટલે કે , હરણોને વસાવવામાં આવ્યા છે. ગુજરાત વન વિભાગે 'વનતારા'ના સહયોગથી 70 હેક્ટરના સંરક્ષિત વિસ્તારમાં 20 ચિતલને વસાવ્યા છે.

આ પહેલનો ઉદ્દેશ્ય એશિયાના સૌથી મોટા ઘાસના મેદાનોમાંના એક એવા બન્નીમાં જૈવ વિવિધતાને મજબૂત કરવાનો છે.આ હરણોને ખાસ ડિઝાઇન કરેલી એમ્બ્યુલન્સમાં કચ્છ લવાયા હતાં.

---

# PAVAGADH – VAHAN PRATIBANDH

પંચમહાલમાં પાવાગઢ તળેટીથી માંચી સુધી ચઢાણ ઉતરાણ વાળા રસ્તાને પગલે કોઈ અકસ્માત ન સર્જાય તે માટે આગામી 14 સપ્ટેમ્બર સુધી બીજા અને ચોથા શનિવાર તથા રવિવાર અને પૂનમના દિવસોમાં હળવા તથા ભારે વાહનો પર પ્રતિબંધ મુકતું જાહેરનામું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા બહાર પાડવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે આ પ્રતિબંધ આવશ્યક ચીજ વસ્તુઓનું પરિવહન કરતાં વાહનો, એસટી બસો ,સરકારી ફરજ પરના વાહનો , આરોગ્ય સેવાઓના ઉપયોગમાં આવનાર વાહનોને લાગુ પડશે નહીં .

---